| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૬/૦૩/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૪૨૫ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૮૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૪૦૩/૨૦૨૫**

**ચાંદખેડાઃ** (૧) રાજેશ અંબાલાલ મેકવાન (ઉ.વ.૪૪) (રહે. ગોપાલનંદ એપાર્ટમેન્ટ દિવાની હાઇટ્સની બાજુમાં સ્નેહ પ્લાઝા રોડ ચાંદખેડા) એ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૪ ના રોજ ચાંદખેડા ત્રાગડ રોડ ઝુંડાલ ન્યુ અર્થ સ્કુલ પાસે નારાયણલીલા કોમ્પલેક્ષ હિટાચી કેસ મેનેજમેન્ટ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ દુકાન નં-૫ થી નં.૯ ખાતેથી કંપનીના કર્મચારી મનોજ રવિન્દ્રસિંઘ ભદોરિયા (રહે. કુંભાજીની ચાલી મહિપતસિંઘ લાઇન રામેશ્વર ક્રોસ રોડ મેઘાણીનગર) નાઓએ ન્યુ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ CRM AXIS મશીન જેનો ID CPRH44906 નો છે જેમા રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- કેશ ઓછા જમા કરી કંપનીમાં પુરેપુરા રૂપિયા જમા કર્યાની પહોચ જમાં કરાવી કંપની સાથે વિશ્વસાઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.આહીર ચલાવે છે.

**ચાંદખેડાઃ** (૨) હસમુખ પાંચાભાઈ નાઈ (ઉ.વ.૩૫) (રહે. દેવ નંદન-૨ ઓમ રેસીડેન્સી પાસે અડાલજ ગાંધીનગર) એ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દિલીપભાઈ મલ્લાહ (ઓફિસ. ફીન કેપીટલ ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ નક્ષત્ર કોમ્પલેક્ષ ચાંદખેડા) એ પોતે કેન્દ્ર સરકારશ્રીની મુદ્રા લોનના અધિકૃત એજન્ટ હોવાનો વિશ્વાસ અને ભરોષો આપી હસમુખ નાઈ ના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ખોટા બીલો તથા ક્વોટેશન સાચા તરીક ઉપયોગ કરી બેંકમા રજુ કરી હસમુખ નાઈ ના નામે રૂપિયા ૯,૫૦,૦૦૦/- મુદ્રા લોન મંજુર કરાવી સરકારશ્રીની યોજનાની મુદ્રા લોન રૂતબા ફેશનના ખાતામાંથી પોતાના બેંક ખાતામાં મેળવી લઈ હસમુખ નાઈ નાઓએ કપડાનો માલ-સામાન નહી આપી સદરી મુદ્રા લોનના માસિક હપ્તા હસમુખ નાઈ પાસે આજદિન સુધી કુલ રૂપિયા ૩,૭૧,૦૩૯/- ભરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** બાલચંદભાઈ મોહનલાલ પંચાલ (ઉ.વ.૭૨) (રહે. યોગેશ્વર રેસીડેન્સી સરદાર ચોક કૃષ્ણનગર) એ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૪૫૮૦૦૯૫૫૩ ના ધારકે વિડીયો કોલ કરી પોતાની ઓળખ કોલાબા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી વિજય ખન્ના તરીકે ઓળખ આપી બાલચંદભાઈ પંચાલને મનીલોન્ડરીંગના ગુનામાં સંડોવાયા હોવા અંગેની ફરીયાદ નોધાયેલ તથા સરકારી લેટર ફોનમાં મોકલી આપી બાલચંદભાઈ પંચાલને ગર્ભિત વાત કરી બાલચંદભાઈ પંચાલ પાસેથી રૂપિયા ૨,૫૦,૦૦૦/– પડાવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**નવરંગપુરાઃ** ભાવિન સ/ઓ નારાયણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૧) (રહે. મધુવન સોસાયટી, ગુરુદ્વારા પાસે બોડકદેવ વેસ્ટન પાર્ક પાછળ થલતેજ) એ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓકટોબર/૨૦૨૩ થી માહે ઓકટોબર/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ સાકાર–૧ માં આવેલ ઈન્ટીગ્રીટી (MYCPE)-ONE એલ.એલ.પી નામની કંપની ખાતે આરોપી જય જયમીન શાહ (રહે. મધુરમ એપાર્ટમેન્ટ સંત કબીર સ્કુલ સામે સેન્ટ ઝેવીયર્સ લોયલા સ્કુલ એ.સે.સી.ક્રોસ રોડ નારણપુરા) એ ભાવિન પ્રજાપતિના અલગ–અલગ ક્રેડીટ કાર્ડમાંથી અલગ–અલગ સમયે ઓનલાઈન ટ્રાન્જેકશન દ્વારા નાણાં મેળવી ઈન્શ્યોરન્સના કામમાં નાણાં રોકી જેના બદલામાં કમીશન આપવાનો ભરોસો અને વિશ્વાસ અપાવી ભાવિન પ્રજાપતિના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી ક્રેડીટકાર્ડમાંથી તથા બેન્ક ખાતામાંથી મળી કુલ રૂપિયા ૭,૧૯,૮૭૪/– ટ્રાન્જેકશન કરી લઈ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૫**

**શાહીબાગઃ** ડાહ્યાભાઈ મોતીભાઈ રાવત (ઉ.વ.૭૨) (રહે. ધાભરનગર સોસાયટી યુ.એન.મહેતા હોસ્પિટલ સામે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૫ સવારના ૯/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૪૦૫/૨૦૨૫**

**રાણીપઃ** ખુશ્બુબહેન જીગ્નેશભાઈ પટેલ (ઉ.વ.૩૯) (રહે. વારાહપ્રભુ સોસાયટી બંસીધર હોલ સામે રાણીપ) તા.૨૫/૦૩/૨૦૨૫ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે રાણીપ પંચરત્ન સોસાયટીના મઈન ગેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ખુશ્બુબહેના પટેલના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ખુશ્બુબહેન પટેલે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.જાદવ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૪૦૬/૨૦૨૫**

**વટવાઃ** મમતાદેવી વા/ઓ મનોજભાઈ ભારતી (ઉ.વ.૩૯) (રહે. વાંદરવટ તળાવનાં છાપરાં આરાધના સોસાયટી પાછળ વટવા) તા.૧૭/૦૩/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પહેરેલ સાડીનો પલ્લુ ગેસના ચુલાને અડી જતા આગ લાગતા મમતાદેવી દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૩/૨૦૨૫ કલાક ૧૨/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેકટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી